શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર એસીબીની ૩ ટીમોનું સર્ચ ઓપરેશન

ડિજિટલ ચેકપોસ્ટથી સરકારની આવક વધવાને બદલે ઘટતા ભ્રષ્ટાચારની આશંકા

શામળાજી, તા. ૧૯

ગુજરાત રાજ્યની તમામ ચેકપોસ્ટ પર અધિકારીઓ, કર્મચારીઓ અને વચોટિયા ફોલ્ડરો દ્વારા મોટા વાહનચાલકો પાસેથી

મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આદરી સરકારી તિજોરીને વર્ષે દહાડે કરોડો રૂપિયાનો ચૂનો લગાવતા હોવાની બૂમો ઉઠતા રાજ્યની સૌથી વધુ આવક ધરાવતી અરવલ્લી જીલ્લાની શામળાજી નજીક રતનપુર ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચાર અટકાવવા કરોડો રૂપિયાના ખર્ચે દેશની સૌપ્રથમ ડીઝીટલ કેશલેસ ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. આ ડીઝીટલ ચેકપોસ્ટ અનેકવાર વિવાદોમાં સપડાઈ ચુકી છે. ડીઝીટલ ચેકપોસ્ટ બનવાથી સરકારમાં તિજોરીમાં આવક વધવાને બદલે આવકમાં જંગમ ઘટાડો થતા વાહનવ્યવહાર કચેરીના કમિશ્નર ચોકી ઉઠ્યા હતા. શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર ભ્રષ્ટાચારની આશંકાએ ગાંધીનગર, વડોદરા અને અરવલ્લી જીલ્લા એ.સી.બી ની ટીમે શનિવારે રાત્રીએ સયુંક્ત સર્ચ ઓપરેશન હાથ ધરી આરટીઓ ઓફિસ અને કેબીનમાં તપાસ હાથ ધરી હતી. ડીઝીટલ ચેકપોસ્ટ હોવા છતાં અધિકારીઓ અને કર્મચારીઓ કરામત કરી કોમ્પ્યુટર સાથે ચેડાં કરી વચોટિયાઓ મારફતે ઓવરલોડેડ વાહનો પાસેથી રૂપિયા ખંખેરવામાં આવતા હોવાના અને ઓવરલોડેડ વાહનોને બારોબાર પસાર કરવામાં આવતા હોવાની વાહનચાલકોની અનેક બૂમો ઉઠી હતી ત્યારેજ એસીબીની ટીમોએ સંયુક્ત ઓપરેશન હાથ ધરાતા અધિકારીઓ અને કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

વાહન વ્યવહાર કમિશનરે શનિવારે મોડી રાત્રે શામળાજી આરટીઓ ચેકપોસ્ટની ઓચિંતી મુલાકાત લીધી હતી અને તપાસ હાથ ધરી કેટલીક વાંધાજનક વસ્તુઓ હાથ લાગતા લીધી રવાના થયાના થોડાક જ કલાકોમાં ગાંધીનગર, વડોદરા અને અરવલ્લી જીલ્લાની એસીબીની સંયુક્ત ટીમ ત્રાટકી હતી અને આરટીઓ ચેકપોસ્ટની ઓફિસ, કેબિનો અને આજુબાજુ તપાસ હાથ ધરી હતી રવાના થઈ હતી. શામળાજી આરટીઓ ચેકપોસ્ટ પર એસીબીની ટીમની તપાસમાં આરટીઓ કચેરીના અધિકારીઓ કે કર્મચારીઓની કોઈ પ્રકારની ગેરરીતિ બહાર આવી કે નહિ આરટીઓ ચેકપોસ્ટ પર કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી તે અંગે કોઈપણ પ્રકારની માહિતી આપવાનું ટાળવામાં આવ્યું હતું. પત્રકારોએ સતત સંબંધિત કચેરીઓમાં આ અંગે માહિતી મેળવવા પ્રયત્ન હાથ ધરવા છતાં અધિકારી મગનું નામ મારી પાડવાનું પણ ઉચિત ન સમજતા પત્રકાર આલમમાં રોષ ફેલાયો હતો. એસીબીની ટ્રેપથી વચોટિયા છુમંતર થઈ ગયા હતા. બીજી બાજુ અધિકારીઓ અને કર્મચારીઓ હવાતિયાં મારતા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જીલ્લાના એક જાગૃત નાગરિક દ્વારા દેશની સૌપ્રથમ આરટીઓ ચેકપોસ્ટની આવક અગાઉના વર્ષ કરતા ઘટાડો નોંધાયો હોવાની માહિતી આરટીઆઈ હેઠળ માંગતા વાહનવ્યવહાર કમિશ્નર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જિલ્લા પોલીસવડા મયુર પાટીલે એમ. બી. ગઢવી અને બે પોલીસ કોન્સ્ટેબલને ફરજમુક્ત કર્યા

૧ એપ્રિલે શામળાજી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એમ.બી.ગઢવી અને તેમની ટીમે ૪૬.૫૮ લાખનો વિદેશી દારૂ ભરેલ ટેન્કર ઝડપી પાડી બે દિવસ સુધી સ્ટેશન ડાયરીમાં નોંધ ન પાડી અને એફઆઈઆર ન નોંધાતા આ ઘટનાની જાણ સ્ટેટ મોનીટરીંગ સેલ,ગાંધીનગર ડીવાયએસપી જ્યોતિ પટેલ અને ૫ તેમની ટીમને બાતમી મળતાં ત્રાટકી હતી અને સમગ્ર પ્રકરણમાં ગંભીર બેદરકારી બહાર આવતા શામળાજીના તત્કાલીન પીએસઆઈ મહેશદાન ગઢવી અને પોલીસ કોન્સ્ટેબલ કલ્પેશસિંહ ચંપાવત અને પ્રવિણસિંહ સોલંકી સ્ટેટ વિજિલન્સના ડીવાયએસપી જ્યોતિ પટેલ ગાંધીનગર ખાતે ધરપકડ કરી ભિલોડા કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કાર્ય હતા ત્યારે કોર્ટ દવારા રિમાન્ડના મંજુર કાર્ય અને તેમને જેલ ના હવાલે થતા અરવલ્લી જિલ્લાના બાહોશ અને પ્રામાણિક પોલીસ વડાએ ગત રાત્રીના રોજ એક પીએસઆઈ અને બે કોન્સ્ટેબલોને સસ્પેન્ડના હુકમો કરેલા હતા . જેના કારણે ભ્રષ્ટ પોલીસ કર્મી માં ફફડાટ વ્યાપ્યો છે આ પ્રકરણ માં હજુ મોટા માથાની સંડોવણી બહાર આવે તેમ છે.

શ્રી અન્નપૂર્ણા શક્તિપીઠ મોદીપુર, અંબાસણ

૧૫મી ઓગષ્ટ ૨૦૧૮ના રોજ સ્વાતંત્ર્યદિનની ઉજવણી વિશ્વકલ્યાણ મંડળ કલોલ દ્વારા શિવ-શક્તિ યજ્ઞનું આયોજન કર્યું હતુ. આ યજ્ઞ ભારતમાતાના સમસ્ત રાષ્ટ્રનું આધ્યાત્મિક, સામાજિક, આર્થિક તથા સંપૂર્ણ સંરક્ષણ હેતુ અર્થે કરવામાં આવ્યો હતો. આ યજ્ઞમાં સંતો, ઋષિકુમારો, સામાજીક આગેવાનો, લશ્કરના જવાનો સાથે ઉપસ્થિત રહી આ યજ્ઞમાં શ્રી મા અન્નપૂર્ણાના શ્રી ચરણોમાં સમર્પિત કરેલ છે.

ધનસુરા પોલીસે નવી શિણોલ પાસેથી ૪૦૭ ટેમ્પોમાંથી કતલખાને લઈ જવાતા ૮ પશુઓ બચાવ્યા

ધનસુરા, તા. ૧૯

અરવલ્લી જિલ્લામાંથી પશુ તસ્કરી કરી ગેરકાયદેસર રીતે કતલખાને પહોંચાડવાનો કાળો કારોબાર ચલાવી રહ્યા છે. ધનસુરા પોલીસે શનિવારે રાત્રીના ૧૦ વાગ્યાના સુમારે નવી શિણોલ પાસેથી ૪૦૭ ટેમ્પો-ટ્રકમાં બિન અધિકૃત રીતે વગર પાસ પરમીટે ૫ પાડા અને ૩ ભેંસને મુશ્કેટાટ હાલતમાં ખીચોખીચ ભરેલા, ઘાસચારા અને પાણીની વ્યવસ્થા કર્યા વગર કતલખાને લઈ જવાતા પશુઓ કતલખાને લઈ જવાતા બચાવી લેવાયા હતા. ટેમ્પોનો ચાલક પોલીસ ચેકીંગ જોઈ પોલીસને હાથતાળી આપવામાં સફળ રહ્યો હતો. ધનસુરા પોલીસે વીએચપીના કાર્યકરોની મદદ લઈ અન્ય વાહનની ઘાસચારા અને પાણીની યોગ્ય વ્યવસ્થા કરી બચાવેલ ૮ પશુઓને પાંજરાપોળમાં મોકલી આપી.

૮ પશુની કિં. રૂ. ૩૬૦૦૦ તથા ટેમ્પાની કિં. રૂ. ૩૦૦૦૦૦ મળી કુલ રૂ. ૩૩૬૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર ટેમ્પો-ટ્રક (ગાડી.નં.-જીજે.૩૧.ટી. ૧૭૮૦)ના ચાલક વિરુદ્ધ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમન અને પ્રાણી અત્યાચાર કલમ વિરુદ્ધ ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતીમાંન કર્યા હતા.

ડીસા ખાતે 'વર્લ્ડ ફોટોગ્રાફી ડે'ની ઉજવણી : સિનિયર ફોટોગ્રાફરનું સન્માન

ડીસા ખાતેની અનંતરા હોટેલ ખાતે વર્લ્ડ ફોટોગ્રાફર ડેની ઉજવણી કરાઈ હતી.ડીસા ફોટોગ્રાફર એસોસિએશન દ્વારા વર્લ્ડ ફોટોગ્રાફી દિન નિમિત્તે હોટેલ અનંતરામાં ફોટોગ્રાફી સેમિનાર તેમજ સિનિયર ફોટોગ્રાફરનો સન્માન કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે ડીસાના દસ જેટલા સિનિયર ફોટોગ્રાફરનું સાલ અને ફુલછડીથી સન્માન કરાયું હતું. ત્યારબાદ આધુનિક અને ડિજિટલ ફોટોગ્રાફીના યુગ માં ફોટોગ્રાફી ક્ષેત્રે આવેલી નવો ટેક્નિકો બાબતે ટેક્નિસિયનો દ્વારા ઉપસ્થિત ફોટોગ્રાફરોને જરૂરી પ્રશિક્ષણ તેમજ માર્ગદર્શન અપાયું હતું. વર્લ્ડ ફોટોગ્રાફી ડેની ઉજવણી પ્રસંગે સિનિયર ફોટોગ્રાફરનું સન્માન કરી અટલ બિહારી બાજપેઈના માનમાં બે મિનિટનું મૌન પાળી અટલજીને શ્રદ્ધાંજલિ અપાઈ હતી. ડીસા ખાતેની અનંતરા હોટલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ડીસા ફોટોગ્રાફર્સ એન્ડ વીડિયોગ્રાફર એસોસિએશનના પ્રમુખ વિનોદભાઈ પટેલ તેમજ ઉપપ્રમુખ નરેશભાઈ દવે તેમજ ડીકુંભાઈ ઠક્કર, ભાવેશ બારોટ, ગિરીશ દરજી, પુરનેન્દ્ર માળી, ગૌરાંગ ચાવડા, કનુભાઈ પટેલ સહિત અન્ય સભ્યોએ ઉપસ્થિત રહી આ સેમિનારને સફળ બનાનવા જહેમત ઉઠાવી હતી.

ભિલોડામાં દોઢ લાખ ભરેલા થેલાની અજાણ્યા તસ્કરો દ્વારા ઉઠાંતરી

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ગત રોજ સમી સાંજે રૂા.૧,૫૦,૦૦૦/-ભરેલા થેલાની અજાણ્યા તસ્કરોએ ઉઠાંતરી કરી પલાયન થઈ ગયા હતા.વેપારીઓ,પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો હતો.તસ્કર રાજનું અસ્તીત્વ દિન-પ્રતિ-દિન ફુલીફાલી રહ્યું છે પરંતુ પોલીસ તંત્ર જાણે કે કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યું હોય તેમ લોકમુખે ચર્ચાય છે.ભિલોડામાં હાર્દસમા બજાર વિસ્તારમાં આવેલ ૐ કોમ્પલેક્ષમાં ભાવેશ કિરાણા સ્ટોર્સ નામની દુકાન ધરાવતા લાદુભાઈ પ્યારચંદ શાહ ગત રોજ સમી સાંજે દુકાન બંધ કરતી વખતે દુકાનના શટરનું તાળુ બંધ કરતા હતા તે દરમ્યાન અંદાજીત રૂા.૧,૫૦,૦૦૦/- રોકડા,ઉઘરાણીની બુકો,સાબરકાંઠા બેંક,દેના ગુજરાત ગ્રામિણ બેંકની ચેકબુકો સહિત અગત્યના વિવિધ કાગળો,બીલો ભરેલા કાળા કલરના રેકઝીનના થેલાની ઉઠાંતરી કરી અજાણ્યા બાઈક સવાર તસ્કરો આંખના પલકારામાં શનિવારના રોજ સમી સાંજે ૮:૩૦ વાગ્યાના અરસામાં પલાયન થઈ ગયા હતા.ભિલોડામાં દિન-પ્રતિ-દિન ચોરીઓ,લુંટ-ફાટ,હત્યા,ચેઈન સ્નેચીંગના બનાવોનું પ્રમાણ વધતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

મોડાસાના દેવરાજધામ નજીક ત્યજી દીધેલ નવજાત શિશુ મળતા સ્થાનિકોમાં જનેતા સામે ઉગ્ર રોષ

૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયું

મોડાસા, તા. ૧૯

થોડા સમય પહેલા આ સ્વાર્થી દુનિયામાં માતાના કુખે જન્મ લેનાર હાલ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં અત્યંત નાજુક હાલતમાં સારવાર હેઠળ નવજાત શિશુને દુનિયામાં જન્મ લેતા પહેલા ખબર પણ નહિ હોય કે તે આ પ્રકારની માતાની મમતાના પ્રેમના બદલે ઝાડી-ઝાંખરામાં તરછોડી દેવાશે અને ૧૦૮ એમ્બ્યુલન્સની રફતાર થકી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે પહોંચશે જ્યાંથી તેનું આગળનું ભવિષ્ય હવે લોકો નક્કી કરશે. મોડાસાના દેવરાજધામ નજીક નવજાત શિશુને આવાવરુ જગ્યાએ ત્યજી દેનાર માતા સામે લોકોએ ફિટકાર વરસાવ્યો હતો.

મહિલાને સૌથી વધુ ખુશી એનીજિંદગીમાં જયારે માતૃત્વ ધારણ કરે છે ત્યારે મળતી હોય છે. સામાન્ય રીતે તો તેની માતાને તેનું સંતાન ખુબ વ્હાલું હોય છે એ પછી માનવ વસ્તીમાં હોય કે જીવ પ્રજાતિની દુનિયામાં જ્યાં બાળકને નાનકડા દર્દને પણ માતા સાંખી શકતી નથી, પરંતુ એક એવી માતા પણ આ દુનિયામાં વસે છે જે તેના બાળકને જન્મ આપી સમાજના ડરે ત્યજી દેતી હોય છે અને આખરે માનવતા આવી માતાઓ ઉપર ફિટકાર વરસાવી એક દિવસના થોડા સમય રોષ વ્યક્ત કરતુ હોય છે આખરે શું કારણ હશે કે ફૂલ જેવા નવજાત બાળકને માતા દ્વારા ત્યજી દેવાનું...? કોઈ અત્યાચારનો ભોગ બની હશે નવજાત શિશુની માતા કે પછી અનૈતિક સંબંધો જવાબદાર કે યુવાનીના રંગમાં ભાન ભૂલી હતી કે..કારમી મોંઘવારીમાં જીવનનિર્વાહ ચલાવવાની ચિંતા જેવી તરહ તરહની ચર્ચાઓના વમળો પેદા થયા હતા.

મોડાસાના દેવરાજધામ નજીક સાયરા જવાના માર્ગ પરથી પસાર થતા રાહદારીના કાને બાળકના રડવાનો અવાજ સંભળાતા અટકી ગયો હતો અને તપાસ કરતા નવજાત શિશુ ઝાડી-ઝાંખરામાં ત્યજી દીધેલું મળી આવતા લોકોને જાણ કરતા દોડી આવ્યા હતા. રાહદારીએ નવજાત શિશુને ઘરે લઈ જઈ ૧૦૮ ઈમરજન્સી ને જાણ કરતા ૧૦૮ મારફતે ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થેખસેડવામાં આવી હતી.

પ્રાંતિજ ખાતે સાબરકાંઠા બેંકના ચેરમેનનો ભવ્ય સત્કાર સમારંભ

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાની ટોચની સહકારી સંસ્થા ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કમાં રાજ્યના સહકારી આગેવાન અને પ્રાંતિજ તાલુકાના ફતેપુર મોટા ગામના મહેશભાઈ અમીચંદભાઈ પટેલ બીજી વખત ચેરમેન પદે બિનહરીફ ચૂંટાઈ આવતા તેવોનો સત્કાર સમારોહ યોજાયો હતો.

પ્રાંતિજ ખાતે વી.એસ. રાવલ પીટીસી કોલેજ ખાતે સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમા સતત બીજીવાર ચેરમેનપદે વરણી થયેલ મહેશભાઈ અમીચંદભાઈ પટેલનો સત્કાર સમારંભ યોજાયો હતો જેમાં અરવલ્લી-સાબરકાંઠા સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, તાલુકાના કિસાન આગેવાનો સહકારી આગેવાનો કાર્યકરો મંડળીઓના પ્રતિનિધિ સભાસદોએ મહેશભાઈ પટેલ અને તેમની ટીમનું શાનદાર સન્માન કર્યું હતું. સન્માનના પ્રત્યુત્તરમાં મહેશભાઈ પટેલે જણાવ્યું કે સહકારી સંસ્થાઓ થકી કિસાનો લોકોને ઉન્નતિના માર્ગે વાળી વિકાસની કેડી કંડારવાની છે. આધુનિક ટેકનોલોજી કેશલેસ તેમજ ખેતીના ઉત્કર્ષ માટે આપની બેંક કિસાનોની પડખે છે. ત્યારે બંને જિલ્લાના કિસાનો ખેતીનો વિકાસ કરી હરિયારી ક્રાંતિ-શ્વેત ક્રાંતિ સાથે તમામ ક્ષેત્રે વિકાસ થાય તે માટેની બેંકની ભવિષ્યની યોજનાઓનો તેમણે ખ્યાલ આપ્યો હતો.

ધાનેરામાં ફરીથી તસ્કરોનો તરખાટ : શારદા જનરલ નામની દુકાનમાં ચોરી કરી ફરાર

ચોરનો ચહેરો સીસી ટીવીમાં કેદ થઇ જતા ધાનેરા પોલીસે તાપસનો ધમધમાટ શરુ કર્યો

ધાનેરામાં ફરીથી તસ્કરોનો તરખાટ જોવા મળી રહ્યો છે એક બાદ એક ચોરી કરી ધાનેરાના

લોકોની ઊંઘ હરામ કરી રહ્યા છે ત્યારે ગતરાત્રે પણ ધાનેરાના રેલવે સ્ટેશન નજીક આવેલી શારદા જનરલ નામની દુકાનમાં ચોરી કરી ફરાર થઈ જતા લોકોમાં ચકચાર મચી જવા પામ્યો છે બીજી તરફ ચોરનો ચહેરો સીસી ટીવીમાં કેદ થઈ જતા ધાનેરા પોલીસે તાપસનો ધમધમાટ શરુ કર્યો છે.

ધાનેરાના રેલવે સ્ટેશન નજીક આવેલી શારદા જનરલ નામની દુકાન ચલાવી લલિતભાઈ માહેશ્વરી પોતાનું અને પોતાના પરિવાર નું ગુજરાન ચલાવે છે પરંતુ ગત મોડી રાત્રે કોઈ અજાણ્યા ઈસમોએ દુકાનના પતરા તોડી દુકાન માં પ્રવેશ્યા હતા અને તે બાદ દુકાન માં પડેલ ચીજ વસ્તુઓની સાથે સાથે સીસીટીવી કેમેરા પણ ચોરી ગયા હતા સવારે દુકાન મલિક આવી દુકાન ખોલતા દુકાન માં ચોરી થયું હોવાનું માલુમ પડતા દુકાન મલિક ચોકી ગયોઃ હતો અને તે બાદ ધાનેરા પોલીસ જાણ કરતા ધાનેરા પોલીસે પણ ઘટના સ્થળે આવી તાપસ હાથ ધરી હતી અજાણ્યા ઈસમો દુકાન માં પ્રવેશઘી ચોરી કાર્ય બાદ તેમની નજર સીસીટીવી કેમેરા ઉપર પડી હતી અને તેમનો ચહેરોઈ સીસીટીવી માં દેખાઈ ન જાય તે માટે સીસીટીવી કેમેરા પણ તોડી નાખ્યા હતા દુકાન માં લાગેલ એલસીડી પણ ચોરી ગયા હતા પરંતુ સીસીટીવી નું ડીવીઆર ચોરો ના હાથ માં ન આવતા સમગ્ર ઘટના સીસીટીવી માં કેદ થઈ ગઈ હતી અને અત્યરે ધાનેરા પોલીસે સીસીટીવી ના આધારે તાપસ હાથ ધરી છે.

બાયડ શહેરમાં પોલીસતંત્રની ટ્રાફિક ડ્રાઈવથી વાહનચાલકોમાં દોડધામ

અરવલ્લી જીલ્લાના બાયડ શહેરમાં ટ્રાફિકની સમસ્યા નગરજનો માટે માથાનો દુખાવો બની રહેતા નવનિયુક્ત જીલ્લા પોલીસવડા મયુર પાટીલે જીલ્લાના તાલુકા મથકોએ અને શહેરી વિસ્તારોમાં આવતા પોલીસ સ્ટેશનો અને ટ્રાફિક પોલીસને ટ્રાફિક વ્યવસ્થા બની રહે તે માટે કડક અમલવારી માટે સૂચના અપાતા બાયડ ટાઉન પોલીસ અને ટ્રાફિક પોલીસે બાયડ શહેરના મુખ્યમાર્ગો પર અને હાર્દસમા વિસ્તારોમાં આડેધડ પાર્ક કરતા અને ટ્રાફિક સમસ્યા સર્જાતા વાહનચાલકો સામે શખ્ત કાર્યવાહી કરતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો. બાયડ શહેરમાં મોડાસા-કપડવંજ રાજ્યધોરીમાર્ગ પર, જુના બસસ્ટેન્ડ વિસ્તારમાં, ચોઈલા રોડ પર બાયડમાં કામકાજ અર્થે આવતા વાહનચાલકો, બાયડના દુકાનદારો અને નગરજનો રોડ પર આડેધડ વાહનો પાર્ક કરતા બાયડના માર્ગો ટૂંકા બનતા ટ્રાફિક સમસ્યા શહેરીજનો માટે માથાના દુખાવા સમાન બની રહેતા બાયડ પોલીસ સ્ટેશનના પીએસઆઈ સોલંકી તથા ટીમ સાથે ટ્રાફિક સમસ્યા હટાવવા ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત રોડ પર આડેધડ પાર્ક કરનાર વાહનચાલકો સામે લાલ આંખ કરી વાહનોને ડિટેઈન કરવાની કામગીરી હાથ ધરી બે દિવસમાં ૨૦ જેટલા વાહનચાલકો પાસેથી ડિટેઈન કરી દંડ વસુલવાની કામગીરીથી વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો અને પોલીસની કામગીરીથી બચવા વાહનચાલકો દોડધામ કરતા નજરે ચઢતા હતા. બાયડ પોલીસની કામગીરીથી ટ્રાફિક સમસ્યામાં હળવી બનતા બાયડના નગરજનોએ હાશકારો અનુભવ્યો હતો પોલીસની કામગીરી સતત ચાલુ રાખવાની માંગ કરી હતી.

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન મહેશ પટેલનું બાયડ ખાતે સહકારી સંસ્થો દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત

અરવલ્લી જીલ્લામાં રાજકારણમાં અને સહકારી સંસ્થાઓમાં પ્રયોગશાળા ગણાતા બાયડ ખાતે સહકારી સંસ્થાઓ, અગ્રણીઓ, સહકારી કાર્યકરો, મંડળીના હોદેદારો-ખેડૂતો દ્વારા સાબરકાંઠા-અરવલ્લી જીલ્લાની અગ્રણી સંસ્થા ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. માં સતત બીજીવાર બિન હરીફ ચેરમેન પદે નિમાયેલા ગુજરાતના સહકારી આગેવાન મહેશભાઈ અમીચંદભાઈ પટેલનો ભવ્ય સત્કાર સમારંભ વન આદિજાતિ વિકાસ મંત્રી અને અરવલ્લી જીલ્લાના પ્રભારી મંત્રી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, અદેસિંહ ચૌહાણ, બાયડ ખેતીવાડી ઉત્પન્ન બજાર

સમિતિના ચેરમેન બાબુભાઈ પટેલ, આકરૂન્દના સ.બેંકના ચેરમેન જગદીશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને મહેશભાઈ પટેલની આગેવાનીમાં સાબરકાંઠા બેંકે પ્રગતિના સોપાન સર કરતા અને તેમની કાર્યશૈલી અને મિલનસાર સ્વભાવની ભારે પ્રશંસા સહકારી અગ્રણીઓએ કરી પુષ્પમાળાઓ અને પુષ્પગુચ્છથી મોટી સંખ્યામાં લોકોએ સન્માનિત કર્યા હતા.

પ્રાંતિજમાં આવેલ આધાર મોલમાંથી એક્સપાઈરી ડેટનો માલ મળી આવ્યો

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે એપ્રોચરોડ ઉપર આવેલ આધાર મોલમાંથી એક્સપાઈટડેટનો માલ મળી આવ્યો તો પ્રાંતિજ નગર પાલિકા દ્વારા માત્ર પાંચ હજારનો દંડ ફટકારી એટલેથી સંતોષ માન્યો હતો.

હાલ ગુજરાતના મોટા શહેરોમાં ખાણીપીણીને લઈને લારી-ગલ્લાઓ ઉપર એક પછી એક તવાઇ બોલાવામાં આવી રહી છે ત્યારે તાજેતરમાં જ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ નગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા ચેકિંગ દરમ્યાન પ્રાંતિજ ખાતે આવેલ નામચીન આધાર સુપરમાર્કેટમાં તપાસ કરતાં મોલની અંદર બિસ્કીટ, ઠંડાપીણા સહિતનો ખાદ્યચીજ વસ્તુઓ એક્સપાઈરેટની મળી આવી હતી. આધાર માલિક દ્વારા એક્સપાઈટડેટનો માલ વેચી લોકોના સ્વાસ્થ્ય સામે જાહેરમાં ચેડા કરતા હોવા છતાં પ્રાંતિજ પાલિકા

દ્વારા માત્ર ૫૦૦૦નો દંડ આપી સંતોષ માણ્યો હતો. હજુ વધુ તપાસ થાય તો મોલમાંથી હજુ કેટલીય ખાણી-પીણી ચીજવસ્તુઓ એક્સપાઈટડેટની ચીજ મળી આવે તેમ છે. જિલ્લા ફુડ એન્ડ ડ્રક્સ દ્વારા તપાસ થાય તેવી માંગ પણ ઉઠવા પામી છે. હાલ તો આધાર મોલ દ્વારા જાહેરમાં એક્સપાઈટડેટનો માલ વેચીને લોકોના સ્વાસ્થ્ય સાથે જાહેરમાં ચેડા થતા હોવાનું બહાર આવ્યું છે. નગરજનોનું પણ કહેવું છે કે આવા મોલો સામે તાકિદે તપાસ થાય અને આવા મોલ બંધ કરાવવામાં આવે તેવી ચર્ચાઓએ પણ જોર પકડયું છે. અન્ય જગ્યાએ પણ ચાલતા આધાર મોલમાં તપાસ થાય તેવી માંગ હાલ તો ઉઠવા પામી છે.